# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-03-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ પટેલ વાંચે છે.

---

- લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે આવતીકાલે જાહેરનામું બહાર પડશે.
- રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીની અધ્યક્ષતામાં અમદાવાદમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ ગઇ.
- રાજયના વિવિધ જીલ્લા ચૂંટણીઅધિકારીઓએ બેઠકો યોજીને લોકભાની ચૂંટણીને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ અંગે અધિકારીઓને માહીતી અને માર્ગદર્શન આપ્યા.
- ડાંગની ઐતિહાસિક અને ભાતિગળ લોક સંસ્કૃતિનો પરિચય આપતા 4 દિવસ માટેના ડાંગ દરબાર મેળાનો આવતીકાલથી આરંભ થશે.
- NCW અને રેલવે સલામતીદળના પ્રતિનિધિઓએ માનવ તસ્કરી અને મહિલાઓ સામેના ગુનાઓને રોકવા અંગેના સમજૂતી ઉપર આજે હસ્તાક્ષર કર્યા છે.
- રાજયના હવામાન વિભાગે માર્ચ મહિનાના અંત સુધીમાં મહત્તમ તાપમાન વધીને 40 ડિગ્રી સુધી પહોચે તેવી સંભાવના દર્શાવી છે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## REV. LS POLL NOTIFICATION

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે આવતીકાલે જાહેરનામું બહાર પડતાં લોકસભાની ચૂંટણી પ્રક્રિયાનો

આવતીકાલથી વિધિવત આરંભ થશે. સાત તબક્કામાં લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે, પહેલા તબક્કામાં 17 રાજયો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભાની 102 બેઠકો માટે ચૂંટણી યોજાશે. આવતીકાલે જાહેરનામું બહાર પડતાં આગામી 27મી માર્ચ સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે

પહેલાં તબક્કામાં લોકસભાની સૌથી વધુ 39 બેઠકો તમિળનાડુની, રાજસ્થાનની 12, ઉત્તરપ્રદેશની 8, મધ્યપ્રદેશની 6, જયારે ઉત્તરાખંડ, આસામ અને મહારાષ્ટ્રની દરેકની પાંચ-પાંચ બેઠકોની ચૂંટણી યોજાશે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, સંબંધિત રાજયોમાં આવેલા સંવેદનશીલ મતદાન મથકોએ વેબકાસ્ટીંગ ઉપરાંત દેશભરમા ચેકપોઇન્ટ ઉભા કરવા, ડ્રોન દ્વારા સરહદી વિસ્તારમાં દેખરેખ રાખવી સહિતના પગલાં લેવાશે.

## Election-2024

રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીની અધ્યક્ષતામાં અમદાવાદમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ ગઇ. આ બેઠકમાં ચૂંટણી સમય દરમિયાન રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ ધ્યાનમાં રાખવાના વિવિધ વિષયો અંગે ચર્ચા કરી જરૂરી બાબતો અંગે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં મુક્ત, ન્યાયી અને પારદર્શી ચૂંટણીઓ યોજવા આવશ્યક બાબતો અંગે દિશાનિર્દેશ આપવામાં આવ્યા હતા.

અધિક મુખ્ય ચૂંટણી અધિકારી કુલદીપ આર્યએ ચૂંટણી સમયગાળા દરમિયાન આદર્શ આચારસંહિતાના અમલીકરણ, ખર્ચ નિરિક્ષણ, ઉમેદવારી પત્રો અને ચૂંટણી પ્રચાર સહિતની બાબતો તથા વિવિધ પરવાનગીઓ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી IT એપ્લિકેશન્સ અંગે માહીતી અપાઇ.

જ્યારે સંયુક્ત મુખ્ય ચૂંટણી અધિકારી પી.ડી. પલસાણા દ્વારા વિવિધ માધ્યમોમાં પ્રચાર-પ્રસાર માટે રાજકીય જાહેરાતોના પૂર્વ-પ્રમાણિકરણ અને પેઈડ ન્યૂઝ અંગે સુપ્રીમ કોર્ટના આદેશ અને ભારતના ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

બેઠકમાં ઉપસ્થિત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ ચૂંટણી સંદર્ભે પૂછેલા પ્રશ્નોના અધિકારીઓ દ્વારા જવાબો આપવામાં આવ્યા હતા. મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા દિશાનિર્દેશોનું પાલન કરીને ચૂંટણી તંત્રને સહકાર આપવા અપીલ કરી હતી.

## **Collector-behak-jilla**-1

લોકસભાની ચૂંટણીના સંદર્ભે રાજયના વિવિધ જીલ્લા ચૂંટણીઅધિકારીઓએ બેઠકો યોજીને ચૂંટણીને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ અંગે સંબંધિત અધિકારીઓ અને અગ્રણીઓને માહીતી અને માર્ગદર્શન આપ્યા છે.

ભાવનગરમાં જિલ્લા ચૂંટણી અધિકારી આર. કે. મહેતાના અધ્યક્ષસ્થાને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ. બેઠકમાં ચૂંટણી સમય દરમિયાન રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ ધ્યાનમાં રાખવાના વિવિધ વિષયો અંગે ચર્ચા કરી જરૂરી બાબતો અંગે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને અવગત કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં આદર્શ આચારસંહિતાના અમલ માટે, પક્ષના ચૂંટણી ખર્ચ અંગે તથા વિવિધ ચૂંટણીલક્ષી મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરાઇ હતી.

કચ્છમાં જિલ્લા ચુંટણી અધિકારી અમિત અરોરાએ જિલ્લાની વિવિધ બેન્કોના મેનેજરો અને નોડલ અધિકારીઓ તથા અમલીકરણ એજન્સીઓમાં પોલીસ વિભાગ, ઈન્કમટેક્ષ, કસ્ટમના અધિકારીઓ કલેકટર કચેરી ખાતે બેઠક યોજી હતી. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી બેન્ક પ્રતિનિધિઓને ચૂંટણી સમયગાળા

દરમિયાન થનારા પ્રત્યેક શંકાસ્પદ આર્થિક વ્યવહારો બાબતે દેખરેખ રાખીને ચૂંટણી વિભાગને માહિતીગાર કરવા જણાવ્યું હતું

ભરૂચ જિલ્લામાં આચારસંહિતાના સંદર્ભમાં કલેકટર કચેરી ખાતે ઈલેક્ટ્રોનિક મિડીયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરિંગ કમિટી (EMMC) મીડીયા સેન્ટરનું જિલ્લા ચૂંટણી અધિકારી તુષાર સુમેરાનાં હસ્તે કાર્યરત કરવામાં આવ્યું છે.

વડોદરા ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી બિજલ શાહની અધ્યક્ષતામાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચૂંટણી સમય દરમિયાન રાજકીય પક્ષો અને ચૂંટણી લડતા ઉમેદવારોએ ધ્યાનમાં રાખવાના વિવિધ વિષયો અંગે ચર્ચા કરી જરૂરી બાબતો અંગે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારી એમ.નાગરાજન ના અધ્યક્ષ સ્થાને રાજકીય પક્ષ ના પ્રતિનિધિ ઓ સાથે ચૂંટણી ખર્ચ તેમજ આચારસંહિતા ના અમલીકરણ અને માર્ગદર્શન હેતુ બેઠક યોજાઇ ગઈ .

સુરેન્દ્રનગરમાં જિલ્લા ચૂંટણી અધિકારી કે. સી. સંપટ દ્વારા કલેક્ટર કચેરી ખાતેથી “મતદાન પ્રતિજ્ઞા સહી” ઝુંબેશની આજે શરૂઆત કરવામાં આવી હતી

## Election - Incometax

લોકસભાની સામાન્ય ચૂંટણીના સંદર્ભમાં આવકવેરા વિભાગે અમદાવાદમાં આયકર ભવન ખાતે નિયંત્રણ કક્ષનો આરંભ કર્યો છે.

રાજય ચૂંટણી અધિકારીની કચેરીના નિર્દેશ મુજબ શરૂ કરાયેલા આ નિયંત્રણ કક્ષનો હેતુ ચૂંટણીમાં કાળું નાણું, અને કેશ બુલિયન જેવી પ્રવૃત્તિઓની માહિતી અથવા ફરિયાદો મેળવવાનો છે.

કાળાનાણાં કે અન્ય બાબતોની જાણકારી કે ફરિયાદ કરવા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૫૯૯-૯૯૯૯૯ અથવા લેન્ડ લાઈન ફોન નંબર. ૦૭૯-૨૯૯૧૧૦૫૨ જાહેર કરાયા છે. આ ઉપરાંત વૉટ્સએપ નં. ૮૧૬૦૭૪૫૪૦૮ પર તથા આવક વેરા વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલા ઈમેઈલ આઈ.ડી. cleangujaratelecon@incometax.gov.in પર પણ ફરિયાદ કરી શકાશે.

## Lok Sabha Election Ahmedabad

લોકસભા સામાન્ય ચૂંટણીના ત્રીજા તબક્કામાં આગામી 7મી મે ના રોજ રાજયની તમામ 26 બેઠકો માટે મતદાન યોજાશે. આ માટે આગામી 12મી એપ્રિલે જાહેરનામું બહાર પાડવામાં આવશે.

અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર પ્રવિણા ડી. કે. અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારી યોગેશ ઠક્કરે જિલ્લામાં ચૂંટણી તંત્રની તૈયારીઓ અંગે પત્રકારો સમક્ષ વિગતો રજૂ કરાતાં જણાવ્યું કે, અમદાવાદ જિલ્લામાં કુલ- 60 લાખ 39 હજાર 145 મતદારો નોંધાયેલા છે. જેમાં 31 લાખ 33 હજાર 284 પુરુષ મતદારો અને 29 લાખ 05 હજાર 622 સ્ત્રી મતદારો તથા 239 ટ્રાન્સજેન્ડર મતદારોનો સમાવેશ થાય છે. જિલ્લામાં 18થી 19 વર્ષના મતદારો- 1 લાખથી વધુ છે, જેઓ પ્રથમ વખત મતદાન કરશે. એવી જ રીતે 1 હજાર 259 મતદારો 100 વર્ષ ઉપરના શતાયુ મતદારો છે અને 30 હજાર 732 દિવ્યાંગ મતદારો નોંધાયેલા છે. વધુ માહીતી આપતાં તેમણે આ મુજબ જણાવ્યું.

(બાઇટ-પ્રવિણા ડી.કે.)

આ ઉપરાંત નાગરિકોની સુવિધા માટે 24 કલાક માટે ઉપલબ્ધ જિલ્લા હેલ્પલાઇન નંબર 1950 અને ટોલ ફ્રી નંબર 1800 233 1966 જાહેર કરવામાં આવ્યા છે.

## Ahmedabad Dist. Election Officer

અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણા ડી.કે.એ આજે કલેક્ટર કચેરી ખાતેના મીડિયા મોનિટરિંગ સેન્ટરની મુલાકાત લઇને ચૂંટણી કામગીરી બાબતે માર્ગદર્શન આપ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણીમાં પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક્સ મીડિયામાં આવતા ફેક ન્યૂઝ, પેઈડ ન્યૂઝ અને આચારસંહિતાના ભંગને લગતી બાબતો પર દેખરેખ રાખવા માટે અમદાવાદ કલેકટર કચેરી ખાતે મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરિંગ કમિટી સંચાલિત ઈલેક્ટ્રોનિક મીડિયા મોનિટરિંગ સેન્ટરની કામગીરી શરૂ થઈ ચૂકી છે.

આ કેન્દ્ર દ્વારા અમદાવાદ જિલ્લામાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા પર ફેક ન્યૂઝ, પેઈડ ન્યૂઝ અને આચારસંહિતાના ભંગના સમાચાર બાબતે સતત નજર રાખવામાં આવશે.

## patan -hathiyaar

લોકસભા ચૂંટણીની જાહેરાત બાદ સુરક્ષા ક્ષેત્રે વહીવટીતંત્ર સજ્જ બન્યું છે ત્યારે પાટણ લોકલ ક્રાઇમ બ્રાન્ચે રાધનપુર ખાતે બે વ્યક્તિપાસેથી હથિયાર ઝડપી પાડ્યા છે. અગાઉ મળેલી બાતમી ના આધારે એક શખ્સ પાસેથી પિસ્તોલ ઝડપી લઇ તેની સઘન પૂછતાછ બાદ વધુ એક વ્યક્તિ પાસેથી પણ હથિયાર ઝપ્ત કરાયું હતું. પોલીસે બંને આરોપીઓને ઝડપી તેઓની વિરુદ્ધ આર્મ્સ એકટ મુજબ ગુનો નોંધ્યો છે.

## Voting awareness

આગામી લોકસભાની ચૂંટણીમાં લોકો મોટી સંખ્યામાં મતદાન કરીને સહભાગી થાય તે હેતુથી વિવિધ જિલ્લાઓમાં ફ્લેગ માર્ચ સહિત અનેક કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ યોજાય તે હેતુથી **દીવ** ના ગ્રામીણ વિસ્તારમાં કોસ્ટલ પોલીસ વિભાગ વણાકબારા દ્વારા ફ્લેગ માર્ચ કરવામાં આવ્યું.

પોલીસ વડાના માર્ગદર્શનમાં યોજાયેલ આ માર્ચ દ્વારા લોકોને મતદાન અંગે જાગૃત પણ કરવામાં આવ્યા.

દમણમાં રાજ્યના યુવા ખેલાડી પ્રસન્ના બેન્દ્રે એ લોકોને મતદાન અંગે જાગૃત કરી મતદાન કરવા અપીલ કરી હતી.

## DANG-DANG DARBAARNO MELO

ડાંગની ઐતિહાસિક અને ભાતિગળ લોક પરંપરાને ઉજાગર કરતો ડાંગ દરબારનો મેળો આવતીકાલથી ૪ દિવસ માટે યોજાશે.

આગામી લોક્સભાની સામાન્ય ચૂંટણીઓ સંદર્ભે અમલી આદર્શ આચાર સંહિતા વચ્ચે યોજાઇ રહેલા ડાંગ દરબારનું આવતીકાલે સવારે ૧૧ વાગ્યે આહવાના રંગ ઉપવન ખાતે ઉદ્ઘાટન થશે. અમારા ડાંગ જિલ્લાના પ્રતિનિધિ મુનિરા શેખના જણાવ્યા અનુસાર, સવારે ૯:૩૦ વાગ્યે ડાંગના રાજવીશ્રીઓની શોભાયાત્રા પણ ક્લેક્ટર કચેરી-આહવાથી નીકળી કાર્યક્રમ સ્થળે પોહચશે. જ્યાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે તેમને સાલિયાણું એટ્લે કે પોલિટિકલ પેન્શન એનાયત કરી, પરંપરાગત રીતે તેમનું સન્માન કરાશે.

૪ દિવસ સુધી ચાલનારા આ ભાતીગળ મેળામાં દરરોજ સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ પણ કરાશે.

## NCW---RPF-HUMAN-TRAFFICKING

મહિલાઓ માટેના રાષ્ટ્રીય પંચ NCW અને રેલવે સલામતીદળના પ્રતિનિધિઓએ માનવ તસ્કરી અને મહિલાઓ સામેના ગુનાઓને રોકવા અંગેના સમજૂતી ઉપર આજે દિલ્હીમાં હસ્તાક્ષર કર્યા છે.

આ પ્રસંગે NCW ના અધ્યક્ષા રેખા શર્માએ રેલવે સલામતીદળની કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે આ સલામતીદળ રેલવે સ્ટેશન અને ટ્રેનમાં મહિલાઓ અને બાળકો સામેના ગુના રોકવામાં મહત્વની કામગીરી કરી રહ્યું છે.

રેલવે સલામતી દળના વડા મનોજ યાદવે જણાવ્યું હતું કે આજે થયેલા સમજૂતી કરારનો હેતુ મહિલાઓને સલામત રેલવે યાત્રા સુનિશ્ચિત કરવાનો છે.

## weather

રાજયના હવામાન વિભાગે માર્ચ મહિનાના અંત સુધીમાં મહત્તમ તાપમાન વધીને 40 ડિગ્રી સુધી પહોચે તેવી સંભાવના દર્શાવી છે.

હવામાન વિભાગના અધિકારી અભિમન્યુ ચૌહાણે જણાવ્યું છે કે પવનની દિશા ઉત્તર-પૂર્વ-ઉત્તરની થઇ હોવાથી ગરમીમાં વધારો થવાની આગાહી કરાઇ છે.

દરમ્યાન, રાજયમાં છેલ્લા 36 કલાકમાં સૌથી વધુ 39 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન રાજકોટ અને ભૂજમાં નોંધાયું હતું. જે સામાન્ય કરતાં બે થી ત્રણ ડીગ્રી વધુ હતું. પોરબંદરમાં 38, નલિયા. કંડલા પોર્ટ, અમરેલી, અમદાવાદ અને વલ્લભવિદ્યાનગરમાં 37 ડીગ્રી, ભાવનગર, ડીસા, ગાંધીનગર અને વડોદરામાં 35 જયારે સુરતમાં 33 ડીગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું છે.

જો કે, આ જ સમયગાળામાં ઉત્તર, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં 1 થી 3 ડીગ્રી ઓછું નોંધાયું છે.